પોલીસ તાલીમ સંસ્થાઓમાં તાલીમાર્થી મહિલા પોલીસ અધિકારી/કર્મચારીઓના નાના બાળકો સાથે રાખવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક :- HD/MIS/e-file/8/2022/7500/A-1
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૪/૦૨/૨૦૨૫

**વંચાણે લીધો** : ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા.૧૬/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક:- 33/7/222-SP (MM:07)/C.No.14553

**પ્રસ્તાવના :**

ભારત સરકારના ગૃહ મંત્રાલયના વંચાણે લીધેલ પત્રની વિગતે પોલીસદળમાં મહિલાઓના ઉત્કર્ષ સંદર્ભે ઓગસ્ટ, ૨૦૨૨માં શિમલા ખાતે યોજાયેલ ૧૦મી નેશનલ કોન્ફરન્સના અંતે પોલીસ દળમાં મહિલા અધિકારી/કર્મચારીઓ ગૌરવપૂર્ણ રીતે પોતાની ફરજો બજાવી શકે અને Gender-Friendly Design Thinking in Policeનો અભિગમ સ્વીકારી Better Policingનો હેતુ પરીપૂર્ણ શકાય તે હેતુથી વિવિધ બાબતો ઠરાવવામાં આવેલ છે. નાના બાળકો ધરાવતી મહિલા અધિકારી/કર્મચારીઓ પ્રિ-સર્વિસ ટ્રેનિંગ પ્રોગ્રામ અને મિડ કરિયર ટ્રેનિંગ પ્રોગ્રામ (MCTP) સહીતની તાલીમો દરમિયાન તેમના બાળકોને તેમની સાથે રાખી શકે અને સાથોસાથ તેઓ તાલીમમાં પણ સાર્થક રીતે જોડાઈ શકે તે હેતુથી તાલીમ દરમિયાન તેમની સાથે Help રાખવાની મંજૂરી આપવાનું ૧૦મી નેશનલ કોન્ફરન્સના અંતે ઠરાવેલ છે. ગુજરાત રાજ્યના પોલીસ દળની મહિલા પોલીસ અધિકારી/કર્મચારીઓની તાલીમ દરમ્યાન સંવેદનશીલ અભિગમ સ્વીકારી આ બાબતે સુચનાઓ પરિપત્રિત કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજ્યના પોલીસ દળની મહિલા પોલીસ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપતી સંસ્થાઓમાં મહિલા પોલીસ અધિકારી/કર્મચારીઓ પ્રિ-સર્વિસ ટ્રેનિંગ પ્રોગ્રામ અને મિડ કરિયર ટ્રેનિંગ પ્રોગ્રામ (MCTP) સહીતની તાલીમો દરમિયાન તેઓના છ વર્ષ સુધીના નાના બાળકોને તાલીમ દરમિયાન પોતાની સાથે રાખી શકે તે અર્થે તાલીમ કેન્દ્રોમાં નાના બાળકો માટે ઘોડિયાઘરની વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અમિત રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં.૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (મહિલા સેલ), પોલીસ ભવન, ગાંધીનગર
- ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ/ બોર્ડ/ નિગમ.
- કાર્યાલય આદેશ ફાઈલ.
- સિલેક્ટ ફાઇલ.